ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૭ ટકા

ગાંધીનગર તાપમાન

ઘ-૦ સર્કલના ઓવરબ્રિજ નીચેના ગરનાળામાં પડેલો ખાડો જોખમરૂપ

સાંકડા ગરનાળામાં રોડનું લેવલીંગ અયોગ્ય હોવાથી વરસાદી પાણીના ભરાવાની સમસ્યા : પાણીના કારણે ખાડો દેખાતો નથી

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં તાજેતરમાં વિવિધ વિકાસ કાર્યો સંપન્ન થયા છે જે દરેકમાં કોઈક ને કોઈક ફરિયાદો ઉઠવા પામી રહી છે. ગાંધીનગરના અમદાવાદ તરફના મુખ્ય માર્ગ એસ.જી.હાઈવે પર ઈન્ફોસિટી સર્કલ પાસે ઘ-૦થી ચ-૦ સુધી ઓવર બ્રિજ બનાવાયો છે જેમાં સે.૨ અને ઈન્ફોસિટી વચ્ચેના લોકલ ટ્રાફિક માટે એક ગરનાળું બનાવાયું છે જ્યાં વરસાદ પડવાથી ગરનાળામાં પાણી ભરાઈ જવાથી ત્યાં મોટો ખાડો પડી ગયો છે જેથી વાહન ચાલકોને અવર જવર કરવામાં મુશ્કેલી પડી રહી છે.

ઘ-૦ સર્કલે બનાવાયેલ ઓવર બ્રિજ નીચે સે.૨ અને ઈન્ફોસિટી તરફના બંન્ને સર્વિસ રોડને જોડતાં ગરનાળું બેફોર વ્હિલર વાહનો સામસામે એક સાથે પસાર થઈ ના શકે તેટલું સાંકડુ બનાવાયું હોવાની ફરિયાદો તો તેના નિર્માણ સાથે જ ઉઠવા પામી હતી અને હવે આ ગરનાળામાં રોડનું લેવલીંગ અયોગ્ય હોવાને કારણે ગરનાળામાં વરસાદી પાણીનો ભરાવો થવાની સમસ્યા સર્જાઈ રહી છે. વળી આ

સાથે તેમાં પડેલો મોટો ખાડો વાહનચાલકો માટે જોખમરૂપ બની રહ્યો છે. ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ રહેતું હોવાથી વાહનચાલકોને ખાડો દેખાતો નથી અને તેમનું વાહન ખાડામાં પછડાય છે. આ ખાડાના કારણે વારંવાર વાહનચાલકો પડી જવાના કિસ્સા બની રહ્યાં છે જેના કારણે ગરનાળામાં પડેલો ખાડો સત્વરે પુરાય અને સર્વિસ રોડથી ગરનાળા વચ્ચે રસ્તો લેવલીંગ કરીને દુરસ્ત કરવામાં આવે તેવી માંગ આ વિસ્તારના વાહનચાલકોમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો પ્રચાર-પ્રસાર વિવિધ પક્ષો દ્વારા તેજ કરી દેવામાં આવ્યો છે. મતદારો સુધી પહોંચવા ઉમેદવારો કમર કસી રહ્યા છે. ત્યારે વાવોલ વોર્ડ નં.૭ ભાજપના ઉમેદવાર શૈલેષભાઈ પટેલ તથા ભાજપના સાથી મિત્રો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો.

આંતરિક સુરક્ષાના પડકારો પ્રત્યે માધ્યમોની ભૂમિકા તથા જવાબદારી વિષયે યુવાવિમર્શ

ગાંધીનગર, તા. ૨૦

ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્રના યુવા આયામ યુથ અવેરનેસ ફોર ગ્રેટર નેશનલ અવેકનિંગ - 'યજ્ઞ' દ્વારા તા. ૧૯મી સપ્ટેમ્બર રવિવાર સવારે ૧૧:૦૦ વાગ્યે 'આંતરિક સુરક્ષાના પડકારો પ્રત્યે મીડિયા અને સોશિયલ મીડિયાની ભૂમિકા તથા જવાબદારી' વિષય ઉપર યુવાવિમર્શનું આયોજન સે.૨૫ ખાતેના જીઆઈડીસી સભાગૃહમાં કરવામાં આવ્યું હતું. આ યુવાવિમર્શ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે યુવા જર્નાલિસ્ટ કુલદીપ લહેરુ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ભારતીય વિચાર મંચ અને યુવા આયામનો પરિચય આપવામાં આવ્યો ત્યારબાદ વક્તાએ ઉત્કૃષ્ટ શૈલીમાં પ્રત્યક્ષ ઉદાહરણો અને જાત અનુભવના વિવિધ કિસ્સા દ્વારા વિષયના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમની ચર્ચાના મુખ્ય મુદ્દામાં રાષ્ટ્રવાદી તથા તટસ્થ પત્રકારો સામે આવતા પડકારો, કાર્ય વર્તુળમાં બહિષ્કાર તથા અપમાનજનક વર્તણુકનો સામનો, દેશદ્રોહી તત્વો દ્વારા દેશની આંતરિક સુરક્ષામાં ખલેલ

પહોંચાડવામાં પત્રકારોનો ઉપયોગ, લાયકાત વગરના પત્રકારો દ્વારા મીડિયામાં રજુ થતા ખોટા સમાચારો તથા અહેવાલો અને આથી ઉભો થતો વિશ્વસનીયતાનો પ્રશ્ન, વામપંથી પત્રકારો દ્વારા સમાજમાં વિઘટનવાદી હેતુઓ માટે સોશિયલ મીડિયા નો પ્રોપોગેંડા ટૂલ તરીકે ઉપયોગ અને તેના દ્વારા સમાજમાં અરાજક પરિસ્થિતિનું નિર્માણ અને આ તમામ અસામાજિક પ્રવૃતિઓ સામે યુવા આયમના કાર્યકરોની ભૂમિકાનો સમાવેશ કરાયો હતો. આ યુવાવિમર્શનો લાભ ૪૨ જેટલા યુવા પ્રતિભાગીઓએ લીધો હતો. વિષય પ્રસ્તુતિ બાદ પ્રતિભાગીઓએ પ્રશ્નો અને ચર્ચા દ્વારા પોતાના વિચારો રજૂ કર્યા હતો. અંતે ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્રના મંત્રી પ્રીતેશભાઈ મોદીએ પુસ્તકો દ્વારા વક્તાનું અભિવાદન કર્યું હતું. આભારવિધિ બાદ શાંતિમંત્ર દ્વારા યુવાવિમર્શ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

ભાદરવી પૂનમ નિમિત્તે વૈદેહી એલીગન્સ વાવોલ ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

એસ.એસ.વી. શાળામાં શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા મગને અંકુરિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. આ અંકુરિત મગ શરીર માટે કેટલા ઉપયોગી છે તેની માહિતી આપીને બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રવિ ગ્રુપ ટયુશન કલાસીસ સેકટર-૨૪ ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ તથા જિલ્લા કાનુની સેવાસત્તા મંડળ ડિસ્ટ્રીકટ અને સેસન્સ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે સેકટર-૨૪ ખાતે રવિ ગ્રુપ ટયુશન કલાસીસમાં કાનુની શિબિર યોજાઈ હતી. જેમાં કોર્ટ પેરાલીગલ વોલેન્ટીયર સુધીર દેસાઈ દ્વારા ભારતનું બંધારણ અને આઝાદીનો અમૃત મહોત્સવ વિષય અંગે વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં ટયુશન કલાસીસ સંચાલક નિશિથ વૈષ્ણવ અને વિવેક દેવીપૂજક ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ ટૂંક સમયમાં થવાની છે ત્યારે ઉમેદવારો છેલ્લી ઘડીના પ્રચારમાં લાગી ચૂકયા છે. વોર્ડ નં.૮ના ભાજપના ઉમેદવારોએ ડોર ટુ ડોર પ્રચાર કરી વસાહતીઓને મત આપવા અપીલ કરી હતી.

પેથાપુરમાં સંવત્સરીનું પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા.૨૦

પર્યુષણ પર્વના છેલ્લા દિવસે શ્રી પાર્શ્વનાથ દિગંબર ચૈત્યાલય પેથાપુરમાં સામુહિક પ્રતિક્રમણ અને હાથમાં દિપક લઈને મહાઆરતી કરીને સંવત્સરીનું પર્વ ઉજવાયું હતું. જૈન સમાજના સભ્યોએ એકબીજાને હાથ જોડીને મિચ્છામિ દુકડમ પાઠવી જાણે અજાણે થયેલી ભૂલો અંગે ક્ષમાયાચના વ્યકત કરી હતી.

જાયન્ટસ ગ્રુપ દ્વારા સેકટર-૧૬ની સરકારી અંધશાળામાં લાડુનું ભોજન

ગાંધીનગર, તા.૨૦

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન/સાહેલી દ્વારા સેકટર-૧૬ની સરકારી અંધશાળાના બાળકોને શુધ્ધ ઘીના લાડનું મિષ્ટાન તરીકે ભોજન કરાવ્યું હતું. જેમાં જાયન્ટસ ગ્રુપ ૩ સીના બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ, ઉપપ્રમુક સાંકાભાઈ પટેલ તથા સેકેટરી નટુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સે-૨૪ હરસિધ્ધનગર વસાહતમાં અંબાજી મંદિરે નવચંડી યજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૨૪ ખાતે હરસિધ્ધનગર વસાહતમાં આવેલ અંબાજી મંદિર ખાતે ભાદરવી પૂનમ નિમિત્તે વસાહતીઓ દ્વારા નવચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માતાજીને અન્નકૂટ ધરવામાં આવ્યો હતો પુર્ણાહુતી વખતે મહાઆરતીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ મહાઆરતીમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા વસાહતીઓએ આ મહાયજ્ઞ અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ચંદ્રાલામાં ગણપતિદાદાની શ્રદ્ધાપૂર્વક વિદાય

ચિલોડા તથા ચંદ્રાલામાં ઘરે-ઘરે સોસાયટીમાં ઈકો ફ્રેન્ડલી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ભાવિક ભક્તો દ્વારા ચિલોડા ગામમાં વાજતે ગાજતે ગણેશોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. જે ગણેશ વિસર્જનના દિવસે ભક્તજનોએ રંગેચંગે શોભાયાત્રા દ્વારા સાદરા અને ઉર્ક્ઠેશ્વર મહાદેવ નદીઓમાં મૂર્તિ વિસર્જન કરી ગણપતિદાદાને વિદાય આપી હતી.

પી.કે. ચૌધરી કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યાપિકા નેહાબેન પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરી અને ડૉ. તારાબેન દેસાઈએ કર્યું હતું.

સરકારી ઈજનેરી કોલેજમાં સાપ્તાહિક નેશનલ વેબીનાર સીરીઝનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૨૦

સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સ્વતંત્રતાનું અમૃત મહોત્સવના આયોજન ભાગ રૂપે સાપ્તાહિક નેશનલ વેબીનાર સીરીજ 'પ્રોસેસિંગ એન્ડ કેરક્ટરાઈઝેશન ઓફ મટિરિયલ્સ'નું આયોજન આઈઆઈએમ (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલસ) બરોડા ચેપ્ટરના સંયોજનથી તારીખ ૨૦ થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવેલ છે. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. દૌલત શર્મા અને પ્રો. દેવાંગ મહંત છે. ઉપરોક્ત નેશનલ વેબીનાર સીરીઝમાં ભારતની વિવિધ ઈજનેરી કોલેજો, પોલીટેકનીકો અને ઈન્ડસ્ટ્રીઝ ખાતેથી ૧૨૮ સહભાગીઓએ નોંધણી કરાવેલ છે જેનો મુખ્ય હેતુ સહભાગીઓને મટિરિયલ્સની આધુનીક પ્રક્રિયા અને તેના વિવિધ કેરક્ટરાઈઝેશન વિષયનું તજજ્ઞનો દ્વારા તાલીમ આપવાનું છે. નેશનલ વેબીનાર સીરીઝનું ઉદઘાટન ડૉ. શ્વેતા પી. દવે, આચાર્ય, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર; ડૉ. આઈ. બી. દવે, મેટલર્જી વિભાગના વડા; ડૉ. એસ. ડી. કહાર, ચેરમેન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલસ, બરોડા ચેપ્ટર અને ડૉ. નીરવ જમનાપરા, સાઈન્ટીસ્ટ, આઈપીઆર, ગાંધીનગરના હસ્તે વિવિધ પ્રાધ્યાપકો અને મહાનુભાઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ગણપતિ ઉત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

સંસ્કૃતિ મહિલા પરિવારે ગણેશોત્સવ નિમિત્તે આરતી સુશોભન હરિફાઈ અને ભજન અંગેનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં આરતી સ્વહસ્તે શણગારી ભજનો ગાઈ સમૂહમાં સુંદર કાર્યક્રમ કર્યો હતો. આ પ્રોગ્રામની શરૂઆત જયશ્રીબેન ભટ્ટે પ્રાર્થનાથી કરી હતી. દર્શનાબેન ત્રિવેદી, પ્રમુખ પ્રતિમાબેન દવેએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. દેવીબેન શુકલએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જેમાં પ્રથમ ક્રમે કુંવરબા બિહોલા, દ્વિતિય ક્રમે મિનાક્ષીબેન પારેખ, ત્રીજા ક્રમે દિવાંગી પારેખ તથા પ્રોત્સાહન ઈનામ શાંતાબેન મજમુદારને મળ્યું હતું.

જન્મદિને વધામણી

વિપુલ ચૌહાણ
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨

સલીમ ચુ મોદન
એડવોકેટ

જયેન્દ્રભાઈ ઠાકોરલાલ સોની
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૬

લીલાબેન જી સોલંકી
મો. ૯૫૮૬૬ ૯૮૬૭૯

આર્યા વિપુલકુમાર પટેલ

કૃપાબેન મનોજભાઈ જોષી
મો. ૯૭૨૪૫ ૧૨૦૬૬

વૈદિકા બ્રિજેશસિંહ પરમાર

વૈદેહી બ્રિજેશસિંહ પરમાર

ધ્રુવા જોષી
મો. ૯૮૨૪૨ ૫૬૪૧૦

ઋષી પટેલ
મો. ૯૩૧૬૧ ૭૦૩૧૦